# આજથી વાનખેડે પર ઐતિહાસિક મેચ

## માસ્ટર બ્લાસ્ટરની અંતિમ ટેસ્ટ હોવાથી પોતાના સ્ટાર ખેલાડીને જોવા ઉત્સુકતા : ભારત શ્રેણી જીતી સચિનને ભવ્ય વિદાય આપવા ઇચ્છુક

મુંબઈ,તા. ૧૩

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ઉપર આવતીકાલથી ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ટેસ્ટ મેચને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તમામ ટિકીટો વેચાઈ ચૂકી હોવાના અહેવાલ મળ્યા છે. માસ્ટર બ્લાસ્ટર અને ક્રિકેટના સૌથી મહાન ખેલાડી સચીન તેંડુલકરની ટેસ્ટ કેરિયરની આ ૨૦૦મી ટેસ્ટ હોવાથી આ ટેસ્ટ મેચ ભારે હાઈ પ્રોફાઈલ બનેલી છે. આ ટેસ્ટ મેચ ઉપર તમામ કરોડો ક્રિકેટ ચાહકોની નજર કેન્દ્રીત થઈ ચૂકી છે. ભારતીય ટીમ પ્રથમ ટેસ્ટ મેચ શાનદાર રીતે જીતી ગયા બાદ આ ટેસ્ટ મેચ જીતી લઈને સચીન તેંડુલકરને શાનદાર રીતે વિદાય આપવા ઇચ્છુક છે. ક્રિકેટ ચાહકો આ ટેસ્ટ મેચને લઈને પહેલાથી જ ગણતરીમાં લાગી ગયા છે. આ ટેસ્ટ મેચ અન્ય રીતે પણ ખૂબ જ યાદગાર છે. કારણ કે વિન્ડિઝ તરફથી ચંદ્રપોલ પણ આ ટેસ્ટ મેચમાં પોતાની કેરિયરની ૧૫૦મી ટેસ્ટ મેચ રમનાર છે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાએ પ્રથમ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઇન્ડિઝને કચડી નાખવામાં સફળતા મેળવી હતી. ત્રણ દિવસના ગાળામાં જ આ ટેસ્ટ મેચ ઇનિંગ્સના અંતરે જીતી હતી. પ્રથમ ટેસ્ટ મેચ રમતી વેળા જ બે ખેલાડીઓ રોહિત શર્મા અને મોહમંદ સમી છવાઈ ગયા હતા. એકબાજુ રોહિત શર્માએ શાનદાર સદી ફટકારી હતી. જ્યારે સમીએ પ્રથમ ટેસ્ટ મેચમાં જ નવ વિકેટ ઝડપીને ક્રિકેટ પસંદગીકારોનો વિશ્વાસ સાચો સાબિત કર્યો હતો. ભારત તરફથી તમામ ખેલાડીઓ ફોર્મમાં દેખાઈ રહ્યા છે પરંતુ આ ટેસ્ટ મેચમાં મુખ્ય આકર્ષણ સચીન તેંડુલકર જ રહેશે. સચીન તેંડુલકરે પોતાની ટેસ્ટ કેરિયરમાં હજુ સુધી ૧૯૯ ટેસ્ટ મેચ રમી છે. સચીનની આ ૨૦૦મી ટેસ્ટ મેચ રહેશે. આ ટેસ્ટ મેચ રમ્યા બાદ તે નિવૃત્તિ લેનાર છે. વિન્ડીઝના અને ભારતના અનેક પૂર્વ ખેલાડીઓ પણ આ ઐતિહાસિક ટેસ્ટ મેચના સાક્ષી બનવા માટે પહોંચી ચૂક્યા છે. સચીન તેંડુલકરની ચર્ચા કોલકાતા ટેસ્ટ શરૂ થયા ત્યારથી જ શરૂ થઈ ગઈ હતી. કારણ કે કોલકાતા ટેસ્ટ શરૂ થાય તે પહેલા જ સચીન તેંડુલકરે વિન્ડીઝ સામેની શ્રેણી બાદ નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી હતી.

### વાનખેડે પર સચિન.....

મુંબઈ,તા.૧૩

સચીન તેંડુલકરે પોતાના ઘર આંગણે વાનખેડે પર તમામ મેચોમાં ભાગ લીધો છે જેમાં ટેસ્ટ મેચ, રણજી ટ્રોફી અને ઈરાની ટ્રોફીનો સમાવેશ થાય છે. સચીને અહીં જે દેખાવ કર્યો છે જેના આંકડા નીચે મુજબ છે.

| ફોર્મેટ | મેચ | રન | હાઈએસ્ટ | સરેરાશ | સદી |
|---|---|---|---|---|---|
| ટેસ્ટ | ૧૦ | ૮૪૭ | ૧૪૮ | ૪૭.૦૬ | ૧ |
| રણજી | ૧૯ | ૨૩૫૩ | ૨૩૩ | ૯૮.૦૪ | ૧૧ |
| ઈરાની | ૩ | ૨૯૫ | ૧૪૦ | ૧૪૭.૫૦ | ૨ |




ક્રિકેટનો સુપર સ્ટાર સચિન તેંડુલકર તેની અંતિમ ૨૦૦મી ક્રિકેટ ટેસ્ટમેચ રમી રહ્યો છે ત્યારે દેશનો સ્વાદ બનેલ (ટેસ્ટ ઓફ ઈન્ડિયા) ડેરી ઉત્પાદનની પ્રતિષ્ઠિત કંપની અમૂલે તેની પ્રખ્યાત 'અમૂલ ગર્લ' દ્વારા સચિન તેંડુલકરને તેની કારકીર્દીની આખરી ટેસ્ટ પૂર્વે જાહેરાતના માધ્યમથી શુભેચ્છાઓ પાઠવી છે. જાહેરાતમાં ઉપર 'India retries hurt!' અને નીચે 'Master Butter' લખાયેલ છે. જાહેરાતમાં 'અમૂલ ગર્લ'ની સાથે બાળપણના દિવસોમાં દેખાતા સચિન જેવા છોકરાને લેવાયો છે જે સ્ટંપની આગળ ઊભો રહી એક હાથે બટર ખાય છે અને એક હાથે બેટીંગ કરે છે.

## પટણા બ્લાસ્ટમાં આઈએમને મદદ કરનાર મહિલા પકડાઈ

પટણા, તા.૧૩

બિહાર પોલીસે ઈન્ડીયન મુઝાહિદ્દીન આતંકવાદી સંગઠનને નાણાં ઉપલબ્ધ કરાવવા બદલ એક મહિલાની ધરપકડ કરી છે. આ મહિલાની ધરપકડને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પટણા સિરીયલ બ્લાસ્ટના સંબંધમાં બિહાર પોલીસ દ્વારા ચાલી રહેલી તપાસના ભાગરૂપે આ મોટી સફળતા હાથ લાગી છે.

પોલીસે બાતમીના આધાર ઉપર આયસાબાનુ નામની મહિલાની ધરપકડ કરી છે. જે કર્ણાટકમાં મેંગલોરથી પાકિસ્તાની સાંઠગાંઠ સાથે ગેરકાયદે નાણાં સાથે સંબંધિત રેકેટ ચલાવી રહી હતી. અહેવાલમાં જણાવાયું છે કે, બિહાર પોલીસની ખાસ ટીમ દ્વારા આયસાબાનુ અને તેના પતિ જુબેરની ધરપકડ કરી છે. જુબેર બીડી કારોબાર ચલાવે છે. પોલીસ અધિકારી રાજીવ મિશ્રાએ આ ધરપકડના બનાવને સમર્થન આપ્યું છે. સૂત્રોએ કહ્યું છે કે, આયસાબાનુ ત્રણ બાળકોની માતા છે અને તેને પાકિસ્તાન બોસ તરીકે લોકો ઓળખે છે. તે નિયુક્ત બેંક ખાતાઓમાં નાણા જમા કરવા કેટલાક એજન્ટોને સૂચના આપે છે. પ્રાથમિક તપાસમાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાન તરફથી તેને આકાઓ તરફથી કેટલાક સંદેશાઓ મળતા રહે છે. પટણાથી આશરે ૭૦ કિલોમીટરના અંતરે સ્થિત લખીસરાય ખાતે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના આધાર ઉપર આ મહિલાની ધરપકડ કરવામાં આવી છે. રેકેટનો એલઆઈએ તરફથી એલર્ટ મળ્યા બાદ પર્દાફાશ કરાયો છે. એનઆઈએ પટણા અને બોધગયા બ્લાસ્ટમાં તપાસ કરી રહી છે.

## કેમ્પાકોલા સોસાયટીમાં ધ્વંસની કામગીરી રોકવામાં આવી

મુંબઈ, તા.૧૩

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈના અતિ પોશ ગણાતા વરલી વિસ્તારમાં કેમ્પાકોલા સોસાયટીમાં પોતાના આવાસ બચાવવા માટે આંદોલન કરી રહેલા લોકોને આજે મોટી રાહત મળી હતી. કારણકે, સુપ્રીમ કોર્ટે ગેરકાયદે ફ્લેટને તોડી પાડવા ઉપર ૩૧મી મે ૨૦૧૪ સુધી પ્રતિબંધ મુકી દીધો હતો. કોર્ટમાં આ સમગ્ર મામલામાં હવે ૧૯મી નવેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો દક્ષિણ મુંબઈ સ્થિત કેમ્પાકોલા કમ્પાઉન્ડમાં ફ્લેટને તોડી પાડવા માટે બીએમસીના અધિકારીઓ પહોંચ્યાના મિનીટો બાદ જ આવ્યો હતો. જેથી ફ્લેટને તોડી પાડવાની કામગિરી તરત જ રોકી દેવાઈ હતી. સુપ્રીમ કોર્ટના આદેશ અંગે માહિતી મળતાની સાથે જ લોકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું અને મોટી રાહત મળી હતી. લોકો એકબીજાને ગળે મળીને અભિનંદન આપવા લાગ્યા હતા. બીએમસીની ટુકડીને વિરોધ કરી રહેલા લોકો પોતાના સંબંધીઓને ફોન પર માહિતી આપતા નજરે પડ્યા હતા. સુપ્રીમનો ચુકાદો આવ્યા બાદ બીએમસી અને મુંબઈ પોલીસે પણ લોકોને કેમ્પસથી બહાર નિકળી જવાની કાર્યવાહીને તાત્કાલિક રીતે રોકી દીધી હતી. કોંગ્રેસી સાંસદ અને કેન્દ્રીય રાજ્યપ્રધાન મિલીન્દ દેવડાએ કહ્યું હતું કે, બીએમસીના અધિકારીઓનું કહેવું છે કે, તેમને સુપ્રીમ કોર્ટના આદેશની નકલ મળી ગઈ છે. જસ્ટીસ જીએસ સિંઘવીના નેતૃત્વમાં બેંચે મીડિયાના અહેવાલોની નોંધ લઈને ફ્લેટ તોડી પાડવા ઉપર સ્ટે મુકી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે, કોર્ટ હવે ૧૯મી નવેમ્બરના દિવસે વધુ સુનાવણી હાથ ધરશે. જસ્ટીસ સિંઘવીએ ૧લી ઓક્ટોબરના દિવસે છ માળની ઈમારતમાં મંજુરી કરતા વધારે ફ્લેટ તોડી પાડવાના પોતાના આદેશ ઉપર ફેરવિચારણા કરવાનો ઈન્કાર કરી દીધો હતો. કોર્ટે ૧૧મી નવેમ્બર સુધી ગેરકાયદે જાહેર કરવામાં આવેલા ૧૦૨ ફ્લેટ ખાલી કરવાની સમય મર્યાદા નક્કી કરી હતી.

નગરનિગમના કર્મચારીઓએ ગેરકાયદે ફ્લેટની સામે કાર્યવાહી માટે પોલીસની મદદ લઈને આજે સવારે સોસાયટીના મુખ્ય દ્વારને તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. લોકોની પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ હતી. પરંતુ લોકોને બળજબરી પૂર્વક ખસેડી દેવાયા હતા. લોકોએ જોરદાર રીતે વિરોધ પણ કર્યો હતો.

## કોરીડોરથી ૨૫ લાખને રોજગારીની તકો મળશે

નવી દિલ્હી, તા.૧૩

સરકારે આજે મુંબઈ-બેંગલોર વચ્ચે ઈકોનોમિક કોરીડોર ઉપર પ્રાથમિક કામ શરૂ કરી દીધું હતું. મુંબઈ-બેંગલોર કોરીડોરના પરિણામ સ્વરૂપે ૨૫ લાખ લોકોને રોજગારી મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ઉપરાંત ત્રણ લાખ કરોડનું જંગી મૂડીરોકાણ એકત્રિત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બે કોમર્શીયલ શહેરો વચ્ચે એક હજાર કિલોમીટર લાંબા આ કોરીડોર ઉપર દેશની જીડીપીની ૧૨ ટકા રકમ એકત્રિત કરવામાં આવે તેમ માનવામાં આવે છે. વિસ્તૃત વિગતો હજુ તૈયાર કરવામાં આવી નથી. પરંતુ એમ માનવામાં આવે છે કે, આના લીધે ઓછામાં ઓછા ચાર નવા શહેરોમાં મેન્યુફેક્ચરીંગ પ્રવૃત્તિમાં તીવ્ર વધારો થશે. ૨.૫ મિલીયન અથવા તો ૨૫ લાખ લોકોને રોજગારી મળશે. હજુ સુધી ભારત અને બ્રિટીશ સરકાર સંયુક્ત ફિઝીબીલીટી સ્ટડી માટે તૈયાર થઈ છે. આગામી તબક્કામાં સરકાર સુચિત યોજના તૈયાર કરવા બીડ જારી કરનાર છે.

## સમાચાર ઝલક


- ♥ આવનાર વર્ષોમાં નિકાસનો લક્ષ્યાંક ૬૦ હજાર કરોડને આંબશે.
- ♥ રિલાયન્સને ગેસની કિંમત બમણી કરવાની લીલીઝંડી મળી.
- ♥ ધોરણ-૧૦ માટે ૫૦૦ રૂપિયા અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૬૦૦ રૂપિયાની નીયત પરીક્ષા ફી સિવાય વધુ ચુકવણી નહીં, બોર્ડનો નિર્દેશ.
- ♥ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ પર યૌન શોષણનો આરોપ.
- ♥ અંગ્રેજીના પ્રભાવ વચ્ચે મુશાયરા અને ઉર્દૂભાષા નામશેષ થયા.
- ♥ ખેલાડીની સંડોવણી વિના મેચ ફીક્સ થાય જ નહિ : સુપ્રીમ કોર્ટ.
- ♥ સૂરતમાં મિલ માલિકની પત્નીની બારમા માળેથી મોતની છલાંગ, પતિ સાથે મનદુઃખમાં અંતિમ પગલું ભર્યું.
- ♥ દોઢ દાયકા બાદ સૌરાષ્ટ્રમાં કપાસની બમ્પર આવકથી ખેડૂતોમાં ખુશીની લહેર.
- ♥ મધ્યમ વર્ગ માટે રણોત્સવ બન્યો ઝાંઝવાના નીર સમાન! નાના પરિવાર માટે ૬૦ હજાર ખર્ચ થાય.
- ♥ આજની સચીનની છેલ્લી મેચ પર ત્રણ હજાર કરોડનો સટ્ટો ખેલાયો.
- ♥ મોબાઇલ કે તેના ટાવરથી સ્વાસ્થ્ય પર કોઇ અસર થતી નથી : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન.
- ♥ સૂરતમાં ડી.એસ.પી.ના બંગલામાં ખાખી વર્દીધારીઓની દારૂની મહેફીલ યોજાઇ.
- ♥ ફૂગાવો ફરી બે આંકડામાં ૧૦.૦૯ થયો.
- ♥ મંગળયાન ભ્રમણકક્ષાની ચોથી કક્ષામાં પહોંચ્યો.
- ♥ એર ઇન્ડિયામાં પાયલોટો સહિત ૪૦૦ ભૂતિયા કર્મચારીઓ મસ્ટરમાં બોલે છે.

### બંનેની ટીમમાં અનેક ક્ષેત્રોના નિષ્ણાંતો સામેલ

## મોદી-રાહુલ ગાંધીની ટુકડી એકબીજાને હરાવવા તૈયાર

નવી દિલ્હી,તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તેમના જાદુ મારફતે ભાજપને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં જીત અપાવવાની તૈયારી કરી ચૂક્યા છે. બીજી બાજુ રાહુલ ગાંધી પણ તેમની વિશ્વાસુ ટીમને લને તૈયારી કરી ચૂક્યા છે. મોદીના સૌથી વિશ્વાસુ લોકોની યાદીની વાત કરવામાં આવે તો અમીત શાહ, અરુણ જેટલી, સુરેન્દ્ર પટેલ, કે કૈલાસનાથન અને રાજેશ જૈનનો સમાવેશ થાય છે. આ તમામ લોકો જુદા જુદા ક્ષેત્રો સાથે જોડાયેલા છે. જ્યારે રાહુલ ગાંધીની ટીમની વાત કરવામાં આવે તો અડવાઈઝરી ઈન ચીફની ભૂમિકામાં કનીસ્ક સિંહ છે. ઈન્વેસ્ટમેન્ટ બેન્કર અને જોરદાર રીતે રાજકીય ભેજા તરીકે તેમને ગણવામાં આવે છે. રાહુલની



પ્રાથમિકતાની તમામ બાબતો તેમના દ્વારા જ નક્કી કરવામાં આવે છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસના તમામ નેતાઓ માટે કનીસ્ક એવા સભ્યની ભૂમિકામાં છે જે ઘણા નિર્ણયો કરે છે. ભૂતપૂર્વ વિદેશ સચીન એસ કે સિંહના પુત્ર કનિસ્ક વર્ષ ૨૦૦૪માં રાજકારણમાં પ્રવેશ કર્યા બાદથી ઘણા ક્ષેત્રમાં કુશળતા મેળવી ચૂક્યો છે.

રાહુલની અન્ય ખેલાડી છે જેમાં મોહન ગોપાલ, આનંદ અદકોલી અને કુશાલ કિશોરનો સમાવેશ થાય છે. મોદીની ટીમમાં સૌથી વિશ્વાસુમાં અમીત શાહનો સમાવેશ થાય છે. અમીત શાહને ઉત્તર પ્રદેશમાં ભાજપને જીત અપાવવા માટેની સૌથી મોટી જવાબદારી સોંપવામાં આવી છે. મોદી મોટાભાગના મહત્વના મુદ્દાઓ ઉપર અમીત શાહ સાથે વાતચીત કરે છે. સમગ્ર ગુજરાતને હમચમાવી મૂકનાર શોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં આરોપી અમીત શાહ હાલમાં જામીન ઉપર છે. આ મામલામાં ફસાયા બાદ અમીત શાહને મોદી સરકારમાં પ્રધાનપદ છોડવાની ફરજ પડી હતી. ઉત્તર પ્રદેશમાં તેમની આકરી કસોટી થનાર છે. નાણાંના મામલામાં મોદીના સૌથી વિશ્વાસુ તરીકે સુરેન્દ્ર પટેલ છે. તેમના કાકા તરીકે ગુજરાતમાં લોકો વધુ ઓળખે છે. અડવાણીના નજીકના સાથી પટેલ રાજ્ય સભાના પૂર્વ સાંસદ છે. પરંતુ નાણાંના મામલામાં મોદીના સૌથી વિશ્વાસુ તરીકે રહ્યા છે. કોર્પોરેટ જગતમાં તેમની ખૂબ સારી પ્રતિષ્ઠા છે. ગુજરાતમાં બિઝનેસ વર્ગમાં તેમની બોલબાલા છે. ભાજપના ચૂંટણી ખર્ચની વિગત તેઓ રાખી રહ્યા છે.

## ભારતમાં કર્મીઓના પગારમાં ૧૧ ટકા વધારો થશે

નવી દિલ્હી,તા.૧૩

ભારતમાં કર્મચારીઓના પગારમાં વર્ષ ૨૦૧૪માં બે આંકડાનો વધારો થશે. કંપનીઓ સામે હાલમાં પડકાર રૂપ સ્થિતિ રહેલી છે જેમાં કુશળ કર્મચારીઓને જાળવી રાખવા માટેની બાબતનો પણ સમાવેશ થાય છે. પરંતુ ઊંચા ફુગાવાના પરિણામ સ્વરૂપે કર્મચારીઓને રાહત મળશે. અને સારો પગાર વધારો મળશે. ભારતમાં કર્મચારીઓ વર્ષ ૨૦૧૪માં ૧૧ ટકા સુધીનો પગાર વધારો થશે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. ટાવર્સ વેટ્સન સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. એશિયા પેસિફીકમાં સરેરાશ પગારમાં વધારો વર્ષ ૨૦૧૪માં સાત ટકાની આસપાસ રહેશે. જ્યારે ભારતીય કર્મચારીઓના પગારમાં આ વધારો ૧૧ ટકાની આસપાસ રહેશે. ફુગાવાના પરિબળને ધ્યાનમાં લઈને ભારતમાં પગારમાં વધારો સંતોષજનક રહી શકે છે. ચીન અને વિયેતનામમાં ફુગાવાને ધ્યાનમાં લેવામાં આવે તો આંકડો અને પગાર વધારો ૪.૯ ટકાની આસપાસ છે. જ્યારે જાપાનમાં આ વધારો ૦.૫ ટકા અને ભારતમાં બે ટકાનો છે. વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ માટે એકંદરે એશિયા પેસિફીકના આંકડા ખૂબ જ સંતોષજનક રહ્યા છે. એશિયા પેસિફીકમાં કંપનીઓ જેમાં ભારતનો સમાવેશ થાય છે. તેમાં સ્ટાફની કુશળતાને જાળવી રાખવામાં પ્રયાસ કરવામાં આવશે. ભારતમાં સર્વેમાં ભાગ લેનાર ૮૦ ટકા કંપનીઓ માને છે કે વર્ષ ૨૦૧૪માં સ્પર્ધા વધુ તીવ્ર બનશે. નવા આયોજન સાથે કંપનીઓ આગળ વધશે. ભારતમાં કર્મચારીઓ અને કંપનીઓ બન્નેને નવા પાસા ઉપર વિચાર કરવાની ફરજ પડશે.

### ખાસ શિક્ષિકા (પાના નં. ૪ નું ચાલુ)

અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થી તેમ જ તેમના પ્રોફેસર ખૂબ જ નવાઇ લાગી. ગુનાઓના ઘર જેવી જગ્યામાં આવું બને જ કઇ રીતે? જે જગ્યાએ ગુનેગારો જ પેદા થવા જોઇએ. ત્યાં આટલા બધા છોકરાઓ ઉત્તમ જિંદગી મહેનત અને ઇમાનદારીની જિંદગી પસંદ કરે છે એવું કઇ રીતે શક્ય બને? ઘણા વિચારો પછી એ લોકોએ એમની મૂંઝવણનો સવાલ મોટા થઇ ગયેલા એ છોકરાઓને જ પૂછ્યો તો લગભગ દરેકે દરેક વ્યક્તિએ જવાબ આપ્યો કે કદાચ એ પણ આડા રસ્તે ચડી જાત, પરંતુ અમારા એક શિક્ષિકાબેન હતા. એમણે અમને બધાને સાચો રસ્તો બતાવ્યો. એમ, કદાચ એ ન હોત તો એમે લગભગ દરેક જણ આ માર્ગ પર ન હોય. બધાને જ શિક્ષિકાબેનની વાત કરી.

બધાની એક જ વાત પરથી હોપિકિન્સના વિદ્યાર્થીઓને એ શિક્ષક બેનમાં રસ પડ્યો. એમને એમનું નામ જાણીને તપાસ કરી તો એ શિક્ષિકાબેન રિટાયર થઇ ગયા હતા. એ બધા એમને શોધતાં એમના ઘરે પહોંચ્યા બધી વાત કરી. પછી પૂછ્યું, આ બધા છોકરાઓ પણ એમને એવો તો શો ચમત્કાર કર્યો હતો કે લગભગ દરેક છોકરાઓ એક ખૂબ જ સારો માણસ બની શક્યો ?

શિક્ષિકાબેને ખૂબ જ સરકતાથી અને સહજતાથી જવાબ આપ્યો,

ચમત્કાર! અરે ! મને ચમત્કાર થોડો આવડે? મેં તો એમને બધાને પોતાના સંતાનોની જેમ જ પ્રેમ કર્યો હતો બસ એટલું જ.

●●●

બાળકને શિક્ષક પાસેથી જ્ઞાન કરતા પણ જો કોઇ ચીજની વધારે જરૂર હોય તો તે પ્રેમ છે ?

'હૂંફાળા અવસર' પુસ્તકમાંથી

### મશાલ રેલીનું પ્રસ્થાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતનું યુવાધન રમત ગમતના ક્ષેત્રે આગળ વધે તે માટે ખેલ મહાકુંભમાં ભાગ લેનાર ખેલાડીઓને -ોત્સાહિત કરવા રૂપિયા ૩૫ કરોડથી વધુ રકમની ફાળવણી કરવામાં આવી છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાએ ભારત અને વિશ્વ સ્તરે ગુજરાતનું નામ રમતમાં રોશન કરનાર ખેલાડીઓનો ટૂંકો પરિચય આપી જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભમાં ગતૂ વર્ષ ૨૫ લાખ જેટલા ખેલાડીઓની નોંધણી થઈ હતી. એક વર્ષમાં નવા ૧૪ લાખ જેટલા નવા ખેલાડીઓ ઉમેરાયા છે. રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના અધ્યક્ષ સ્થાને તા. ૨૩મી નવેમ્બર,૨૦૧૩ થી રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભની શરૂઆત થશે. ગુજરાતનું રમત ગમત ક્ષેત્રે વિશ્વ સ્તરે નામ રોશન કરનાર ખેલાડીઓને રાજ્ય સરકાર ૧૦૦ ટકા સહાય કરી રહી છે.

યુવક, સેવા અને સાંસ્કૃતિક -વૃત્તિના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતિની ઉજવણીના અવસરે રાજ્યના મુખ્ય મંત્રીશ્રીએ યુવાધન સાથે સર્વેને ખેલ મહાકુંભની અનોખી ભેટ આપી છે. ખેલ મહાકુંભ- ૨૦૧૩ માટે ૩૮ લાખથી વધુ લોકોએ પોતાના નામની ઓન લાઇન નોંધણી કરાવી છે. જે વાત ભારતભરમાં -થમ છે, તેની સાથે ઇ- ગવર્નન્સનો વિજય થયો છે.

આ -સંગે ઉપસ્થિત ગુજરાતના નામાંકિત ખેલાડી રૂપેશ શાહ, કુમારી પૂજા, અંકિતા રાજપરા, કુમારી દયાની, નીલ કોન્ટ્રાકટર અને શાલીન પટેલને મંત્રી શ્રી નિતીનભાઇ પટેલ અને રમણલાલ વોરાના હસ્તે -જવલિત કરેલ મશાલની સોંપણી કરવામાં આવી હતી. આ -સંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીકાંત પટેલ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઇ પટેલ તથા શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ શ્રી સંદિપ -ધાન, ગાંધીનગર જિલ્લા કલેટકર શ્રી પી.સ્વરુપ, સ્પોર્ટસ યુનિવર્સીટીના વાઇસ ચાન્સીલર શ્રી ર્ડા જતીન સોની સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ અને નાગરિકો ઉપસ્થિત રહયાં હતાં.

### ભારત બીજા નંબરે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંખ રોગના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલે જણાવ્યું છે. જયારે આજે કલોલ અને ગાંધીનગરમાં ફ્રી આઈ ચેક અપ તેમજ બ્લડ સુગર કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

શહેરના આંખ રોગના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ડાયાબિટીસના દર્દીઓમાં ચાઈના બાદ ભારત બીજા નંબરે છે. હાલની સ્થિતિએ દેશમાં ૬ કરોડ ડાયાબિટીસના દર્દીઓ છે. જયારે દર ૧૦ અંધ વ્યકિતઓ પૈકી બે વ્યકિત ડાયાબિટીસના કારણે અંધ થાય છે. જેના માટે ડાયાબિટીસનું મોડું નિદાન તેમજ આંખોની સંપૂર્ણ તપાસ ન થતી હોવાના કારણો જવાબદાર છે. શરૂઆતના તબક્કે ડાયાબીટીસના કોઈ લક્ષણો ન જણાતા નિદાન મોડું થાય છે. ડાયાબિટીસના દર્દીઓમાં દર વર્ષે ૧૦ થી ૧૨ ટકાનો વધારો થાય છે. જયારે મોટા શહેરોમાં ૨૦ વર્ષથી ઉપરના ૧૪ થી ૧૯ ટકા વ્યકિત ડાયાબિટીસના દર્દી છે. જયારે અન્ય આટલા જ વ્યકિતઓ પ્રિ-ડાયાબિટીક સ્ટેજમાં છે. અલબત્ત આજનું યુવાધન પણ ડાયાબિટીસના સકંજામાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૩૫ વર્ષથી વધુ ઉંમરના મેદસ્વી, કસરત ન કરતા તેમજ હાઈ બી.પી.ની દવા લેતા વ્યકિતઓને ડાયાબિટીસ હોવાની શકયતા છે. જયારે વારસાગત રીતે ડાયાબિટીસ થવાની શકયતા વધુ હોય છે. ડાયાબિટીસના દર્દીઓને આંખનો મોતિયો વહેલો આવે છે. ઝામર થવાની પણ સંભાવના હોય છે. આ ઉપરાંત હાર્ટએટેક પણ આવી શકે છે. ડાયાબિટીસના લીધે કીડની અને આંખને પણ નુકશાન થતું હોવાથી સમયાંતરે આંખોની યોગ્ય તપાસ થાય તે ખુબ જ અનિવાર્ય છે. તેજ આઈ સેન્ટર દ્વારા આજે વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે કલોલમાં સરદાર બાદ પાસે સવારે ૯.૩૦ કલાકે તેમજ ગાંધીનગરમાં બપોરે ૧ થી સાંજે ૭ કલાક દરમિયાન ફ્રી આઈ ચેક અપ તેમજ બ્લડ સુગર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

### ગાંધીનગરમાં ડાયાબિટીસના દર્દીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત તેમાં ઈન્સ્યુલીન કેવી રીતે લેવુ, આ રોગના કારણે શરીરના અન્ય ભાગો પર તેની શુ શુ અસર થાય છે, ખોરાક કેવો લેવો તેવી તમામ બાબતો અહીં નિષ્ણાંત તબીબોની ઉપસ્થિતિમાં સમજાવવામાં આવશે.

આયુર્વેદિક ક્ષેત્રના નિષ્ણાંત વૈદ્ય દિનેશભાઈ પંડ્યા ખુબ રસપ્રદ વાત કહે છે. તેઓ કહે છે કે આયુર્વેદિકમાં એવી કેટલીક બાબતો જણાવી છે જેનાથી વ્યક્તિ જાણી શકે છે કે તેને ટુંક સમયમાં ડાયાબિટીસ થશે. ઉડતા નાના જીવજંતુઓ જો શરીર પર વધુ બેસે તો તે વ્યક્તિએ સમજી લેવું જોઈએ કે તે ડાયાબિટીસ તરફ જઈ રહ્યો છે. આ ઉપરાંત વ્યક્તિને સતત સુઈ રહેવુ ગમે, બેસી રહેવુ ગમે, રુટીન કરતા યુરીન વધુ જાય, નાક, કાન જેવા શરીરના છીદ્રોમાં રુટીન કરતા વધુ મેલ જામે, નખ અને વાળનો ગ્રોથ વધતો જણાય તથા માથાના વાળ વધુ ગુંચાઈ જાય તો સમજી લેવુ કે તેને ટુંક સમયમાં ડાયાબિટીસ થઈ શકે છે. જો આવા કોઈ લક્ષણો જણાય તો તુરંત જ ટેસ્ટ કરાવી તબીબનો સંપર્ક કરવો જોઈએ. પંચકર્મ કરાવવાથી ડાયાબિટીસમાં ખુબ ફાયકો થાય છે. ફ્રેશ પેશન્ટ હોય તો પંચકર્મ તેને ક્યોર પણ કરી શકાય છે.